વિદ્યા, વિનય, વિચાર, વાણી અને વર્તનનો સમન્વય એટલે...

પંચશીલ

ક્રિએટીવ સંકુલ દ્વારા સંચાલિત પંચશીલ સ્કૂલનું માસિક

વર્ષ : ૧૦ | અંક : ૧૦૪ | પેઇજ : ૧૦

સંપાદક : ડૉ. ડી.કે. વાડોદરીયા | માર્ચ : ૨૦૨૨ | સંયોજક : યોગીરાજસિંહ જાડેજા

શિવનગર મેઇન રોડ, પી.ડી.એમ. કોલેજ કેમ્પસ, ગોંડલ રોડ, રાજકોટ.

ફોન : (0281) 2382626, મો. : 88 66 11 00 11, 88 66 22 00 22, 88 66 33 00 33

Web : www.panchshilschool.org, Email : admin@panchshilschool.org, panchshilschool2011@gmail.com



ઓછુ બોલો પણ યોગ્ય બોલો

પ્રકૃતિએ આપણને કાન તો બે આપ્યા છે પરંતુ જીભ એક જ આપી છે જે તે વાતનો સંકેત કરે છે કે આપણે વધારે સાંભળવું જોઇએ અને ઓછું બોલવું જોઇએ. જેવી રીતે જે ઓછુ પણ સારુ ખાવુ તે સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે અને બુદ્ધિમાનીનું કામ છે તે જ રીતે જો તમે કોઇને સારું ન કહી શકતાં હોય તો તમારે કોઇને ખરાબ કહેવાનો પણ અધિકાર નથી. આમ પણ વધારે ખાવુ અને વધારે બોલવું તે મૂર્ખતાની નિશાની છે.

સમજી વિચારીને ન બોલનાર અને વધારે પડતો બકવાસ કરનાર, યોગ્ય વિચાર કર્યા વિના બોલનાર, જે વિષયનું જ્ઞાન ન હોય તે વિષય પ્રત્યે પણ બોલનાર, ખોટુ બોલનાર ખાસ કરીને લજ્જાને પાત્ર હોય છે. એટલા માટે મનુષ્યને સમજી વિચારીને બોલવું જોઇએ અને જેટલી આવશ્યકતા હોય તેટલુ જ બોલવું જોઇએ.

ઓછુ બોલો પણ યોગ્ય બોલો જેવી રીતે કે કોયલ અને કાગડો બંને દેખાવે તો એક જ હોય છે પરંતુ જ્યા સુધી બોલે નહિ ત્યાર સુધી કંઇ ખબર નથી પડતી કે કોયલ છે કે કાગડો. એટલે કે જ્યાં સુધી કોઇ વાતચીત ન કરે, બોલે નહિ ત્યાં સુધી તે વ્યકિતમાં સારા ગુણ છે કે ખરાબ તેની કંઇ સમજ પડતી નથી. કયાંક કયાંક એવા માણસો પણ હોય છે કે જે કયારેય બોલતા નથી અને બોલે પણ છે તો સમજી વિચારીને. આવા સ્વભાવવાળા માણસોને લજ્જીત નથી થવું પડતું અને પછતાવું પણ નથી પડતું. એટલા માટે ઓછું અને સારુ બોલવું જ યોગ્ય છે. તેને માટે એક સત્ય એક લઘુવાર્તાના રુપે નીચે આપેલ છે.

એક ઉચ્ચ શિક્ષિત પરિવારનો યુવક ખુબ જ ઓછુ બોલતો હતો અને સવારે પણ ચુપ જ રહેતો હતો. કોઇએ તેને પુછ્યું કે તું ચુપ કેમ રહે છે તો તેણે જવાબ આપ્યો કે ખોટું અને ખરાબ બોલવા કરતાં ન બોલવું સારું આપણે જે કંઇ બોલીએ છીએ તે હંમેશા માટે વ્યોમમાં અંકિત થઇ જાય છે. કાગડાની જેમ કા કા કરતાં તો ચુપ રહેવું સારુ.

- પોપટ શુભમ પી. ધોરણ ૬ - સી.

સુડોકુ

	6		1					8
		1		9	2			
	4	8			5		9	
	9	2	5		7			
	5	3	4		6	9	7	
			2		9	3	5	
	2		7			5	3	
			9	2		4		
9					4		6	



પાસપોર્ટ

પાસપોર્ટ વગર તમે દેશની બહાર યાત્રા નથી કરી શકતા કે અન્ય દેશમાં પ્રવેશ પણ નથી કરી શકતા. મિત્રો, તમને ખબર છે કે આ પાસપોર્ટના રંગ દરેક દેશમાં અલગ અલગ કેમ હોય છે ? દુનિયાભરમાં ૪ રંગના પાસપોર્ટ છે : રેડ, ગ્રીન, બ્લ્યૂ અને બ્લેક

બ્લ્યૂ પાસપોર્ટ

બ્લ્યૂ રંગના પાસપોર્ટમાં વાદળી રંગ નવી દુનિયાનું પ્રતિનિધત્વ કરે છે. આપણા ભારત દેશનો પાસપોર્ટ બ્લ્યૂ રંગનો છે. સંયુકત રાષ્ટ્ર અમેરિકા, આર્જેન્ટિના, કોસ્ટા રિકા, બ્રાઝીલ, કેનેડા, વેનેઝુએલા, ઉરુગ્વે જેવા દેશ પાસે બ્લ્યૂ રંગનો પાસપોર્ટ છે.

લાલ પાસપોર્ટ

સોલ્વિનિયા, ચીન, સર્બિયા, રશિયા, લાત્વિયા, રોમાનિયા, પોલેન્ડ અને જોર્જિયાના નાગરિકો પાસે લાલ રંગના પાસપોર્ટ હોય છે.

ગ્રીન પાસપોર્ટ

મોટાભાગના મુસ્લિમ દેશો પાસે ગ્રીન કલરનો પાસપોર્ટ છે. આ દેશોમાં મોરક્કો, સાઉદી અરબ અને પાકિસ્તાન છે. ગ્રીન પાસપોર્ટ અનેક પશ્ચિમ આફ્રિકાના દેશો જેવા કે નાઈજીરિયા, આઈવરી કોસ્ટ, બુર્કિના ફાસો, ઘાના અને સેનેગલ પાસે પણ છે.

કાળો પાસપોર્ટ

દુનિયામાં બહુ ઓછા દેશે કાળા રંગનો પાસપોર્ટ અપનાવ્યો છે. આવા દેશોમાં મલાવી, તાજિકિસ્તાન, ત્રિનિદાદ, ટૌબેગો જેવા દેશ સામેલ છે. કેટલાક આફ્રિકન દેશો પણ છે જેવા કે બોત્સવાના, જાંબિયા, બુરંડી, ગૈબન, અંગોલા, કોન્ગો જેમણે કાળા રંગનો પાસપોર્ટ અપનાવ્યો છે.

ન્યૂઝીલેન્ડના નાગરિકો પાસે પણ કાળા રંગનો પાસપોર્ટ જોઈ શકાય છે કારણકે કાળો રંગ એમનો રાષ્ટ્રીય રંગ છે.

દુનિયામાં અમુક દેશ પોતાના સરકારી અધિકારીઓ અને રાજકીય શાસન સાથે જોડાયેલાં વ્યકિતઓને અલગ રંગનો પાસપોર્ટ આપે છે. ભારતમાં પણ એ રીતે ત્રણ રંગના પાસપોર્ટ આપવામાં આવે છે. ડિપ્લોમેટસ માટે એટલે કે સરકારી કામ માટે વિદેશ પ્રવાસ કરી રહયા હોય એવા લોકો માટે લાલ રંગનો, સરકારી અધિકારીઓ માટે સફેદ રંગનો અને સામાન્ય લોકો માટે વાદળી રંગનો પાસપોર્ટ આપવમાં આવે છે.

- બાલાસરા જેનીશ એ. ધોરણ ૬ - એ

ઓડિશાના ભુવનેશ્વરની પ્રાચીન ઉદયગિરિ ખંડગિરિની ગુફાઓ



ઓડિશાના ભુવનેશ્વર નજીક આવેલ ઉદયગિરિની ગુફાઓ નામની બીજી સદીમાં બનેલી પ્રાચીન ગુફાઓ સહેલાણીઓના આકર્ષણનું સ્થળ છે. ઉદયગિરિમાં ૧૮ અને ખંડગિરિમાં ૧૫ વિશાળ ગુફાઓ છે. પ્રાચીન કાળમાં આ સ્થળ કુમારી પર્વત તરીકે ઓળખાતું. ઉદયગિરિ પર ખારાવેલા નામના રાજાએ કુલ ૧૧૭ ગુફાઓ કોતરા અને ધાર્મિક વેલી. તેમાં ગણેશ ગુફા અને હાથી ગુફા પ્રસિધ્ધ છે. દીવાલો પર અજન્તા ઈલોરા ગુફાઓ જેવા શિલ્પો જોવા મળે છે. ગુફાઓમાં દીવાલો પર જૈન શિલાલેખો કોતરાયેલા છે એટલે તેનું ઐતિહાસિક અને ધાર્મિક મહત્વ છે.

ઉદયગિરિ રાણી ગુફા જોવા જેવી છે. બહુ ભવ્ય નથી. પણ તેના શિલ્પો જોવા જેવા છે. બે માળની ગુફામાં સાત પ્રવેશારા છે. ગુફામાં દ્વારપાળ, નૃત્યાંગના, કૂચ કરતા સૈનિકો વગેરેના સુંદર શિલ્પો આજે પણ જોવા મળે છે. આ ઉપરાંત છોટા હાથી, અલકાપુરી, ઠાકુરરાણી, જયવિજય, પાતાલપુત્રી જેવી ગુફાઓ પણ જોવા જેવી છે.

- પરમાર યશ્વી કે. ધોરણ ૬ - એ

એન્ટિબાયોટિક્સ કેવી રીતે કામ કરે ?



જયારે તમે બીમાર પડતા હશો અને ડોકટર પાસે જતા હશો ત્યારે તમે એન્ટિબાયોટિક્સ દવાઓ વિશે તેમના પાસે સાંભળ્યું જ હશે. તમને સવાલ થયો કયારેય કે આ એન્ટિબોયોટિક્સ એટલે આખરે શું ?

એન્ટિબાયોટિક્સ એ એવી દવાઓ છે જેનો ઉપયોગ બેક્ટેરિયાથી થતા વિવિધ પ્રકાર ચેપ અથવા રોગોની સારવાર માટે થાય છે. વર્ષો અગાઉ જયારે આ દવાઓની શોધ નહોતી થઇ ત્યારે વિવિધ રોગો સામે રક્ષણ કરવું મુશ્કેલભર્યું હતું અને એ કારણથી ઘણા સામાન્ય રોગો સામે પણ દર્દીને જીવ ગુમાવવો પડતો હતો.

એન્ટિબાયોટિક્સ બેક્ટેરિયામાં થતી પ્રક્રિયાઓને અવરોધિત કરીને, બેક્ટેરિયાને મારી નાખે છે અથવા તેનો ગુણાકાર થતા અટકાવે છે. ઉપરાંત આ દવા ચેપ સામે લડવામાં શરીરની કુદરતી રોગપ્રતિકારક શકિતને પણ મદદ કરે છે.

એવી એન્ટિબાયોટિક્સ જે બેક્ટેરિયાની વિશાળ શ્રેણીને અસર કરે છે તેને 'બ્રોડ સ્પેક્ટ્રમ એન્ટિબાયોટિક્સ' કહેવામાં આવે છે તથા એ એન્ટિબાયોટિક્સ કે જે માત્ર અમુક પ્રકારના બેક્ટેરિયાને અસર કરે છે તેને ' નેરો સ્પેક્ટ્રમ એન્ટિબાયોટિક્સ' કહેવાય છે.

વિવિધ પ્રકારની એન્ટિબાયોટિક્સ અલગ અલગ રીતે કામ કરે છે. ઉદાહરણ તરીકે, પેનિસિલિન બેક્ટેરિયલ કોષની દિવાલોનો નાશ કરે છે, જયારે અન્ય એન્ટિબાયોટિક્સ બેક્ટેરિયલ કોષની કાર્ય કરવાની રીતને અસર કરે છે.

ડોકટરો શરીરમાં કયા બેક્ટેરિયા છે તે જાણી અને તે અનુસાર કઇ એન્ટિબાયોટિક આપી શકાય તે નકકી કરે છે. બેક્ટેરિયાને ઓળખવા માટે પરીક્ષણ કરવામાં આવે છે જેને આપણે રીપોર્ટ કહીએ છીએ.

- જાડેજા ગાયત્રીબા આર. ધોરણ ૬ - એ

પીવાનું પાણી કલોરીનથી કેવી રીતે શુધ્ધ થાય ?



કલોરીન વાયુ શ્વાસમાં લેવાય તો ઝેરી અસર કરે છે. પરંતુ પીવાનું પાણી શુધ્ધ કરવા માટે પણ કલોરીન વપરાય છે. કલોરીન થોડો ઘણો ઝેરી હોવાથી પાણીમાંના જીવાણુંઓનો નાશ કરવા માટે વપરાય છે. જો કે પાણીમાં ભળવાથી કલોરીન જુદી જુદી અસર કરે છે. કલોરીન તેનાં બે પરમાણુનો બનેલો છે. તેના બે પરમાણુમાંથી એક પાણીમાં કલોરાઇડમાં ફેરવાય છે. અને બીજો તેનો એસિડ બનાવે છે. આ એસિડ ઓકિસડાઇઝિંગ એજન્ટ છે. એટલે બેકટેરિયાના કોષની દીવાલનો નાશ કરે છે. અને બેકટેરિયાને નિષ્ક્રિય બનાવે છે. બેકટેરિયાને નાશ કરવા મુશ્કેલ કામ છે. કારણ કે તે નજરે દેખાતા નથી, વળી પાણીને ગાળવા છતાં પણ દૂર થઇ શકતા નથી. પાણી ગરમ કરવાથી પણ બધા બેકટેરિયાનો નાશ શકય નથી. મોટા જથ્થામાં પાણી ઉકાળીને પીવું તે વ્યવહારિક નથી. બેકટેરિયાનો નાશ કરવા માટે કલોરિન રાસાયણિક પ્રક્રિયા ઝડપી, સરળ અને ઓછી ખર્ચાળ બનાવે છે એટલે પાણી શુધ્ધ કરવા માટે કલોરિનની ટેબલેટ વપરાય છે.

- ચંદ્રપાલ રોશન સી. ધોરણ ૫ - ડી.

જમીનમાંથી લાખો ટન ક્રૂડ લીધા પછી ખાલી પડતી જગ્યાનું શું ?

પેટ્રોલ અને ડીઝલ વિશ્વભરની જરૂરિયાત છે અને તેની માગ મોટી છે. માટે વિશ્વના કુદરતી ગેસના કૂવામાંથી દરરોજ લગભગ ૧૦ કરોડ બેરલ ક્રૂડી કાઢવામાં આવે છે. દરરોજ આટલું બધું ક્રૂડ નીકળી જાય પછી પેટાળમાં ખાલી પડેલી જગ્યાનું શું થતું હશે ?

જમીનના પેટાળમાં કુદરતી ગેસ સમુદ્રમાં મૃત્યુ પામેલા જળચરોના અવશેષમાંથી બને છે. સમુદ્રના પાણીમાં ઓગળેલ ઓક્સિજન વડે તેનું તેલમાં રૂપાંતર થાય છે. તેલ પાણી કરતાં હળવું હોવાથી તે સપાટી પર આવે છે અને જુદા જુદા વહેણ દ્વારા જમીનના પેટાળમાં કૂવા બને છે. ખોદકામ કરતા જમીનમાંથી ક્રૂડ આપમેળે બહાર આવે છે. તેને નિયંત્રિત કરવા કૂવા પર સાધન મુકાય છે. જમીનમાંથી ક્રૂડ બહાર કાઢયા પછી ખાલી પડેલી જગ્યામાં નવું ક્રૂડ ભરાવા માંડે છે. આમ ક્રૂડ નીકળવાથી જમીનમાં ખાલી જગ્યા પડતી નથી. ક્રૂડ અને પાણી જેવા પ્રવાહીઓ ખાલી જગ્યા તરફ વહીને જગ્યા ભરી દે છે. જો કે, પેટાળમાંથી લોખંડ, સોનું કે અન્ય ધાતુના ખનિજો ખોદી કાઢવાથી ખાલી પડેલી જગ્યા ખાલી જ રહે છે અને પેટાળ માં બોગદા બને છે. ઓઈલના કૂવામાં આવું થતું નથી.

- મેણીયા જેનીશ જી . ધોરણ ૩ - સી.

સૌમ્યા સ્વામિનાથન

સૌમ્યા સ્વામિનાથન એક ભારતીય બાળરોગ વિશેષજ્ઞ અને વૈજ્ઞાનિક છે. તેઓ ખાસ તેમનાં ક્ષય રોગ વિશે કરેલા સંશોધન માટે જાણીતા છે. તેમણે તેમનાં સંશોધન વડે વિશ્વને તે અંગે જાગૃત કરવામાં મહત્વનો ફાળો આપ્યો છે. સૌમ્યા સ્વામિનાથને સશસ્ત્ર દળની મેડિકલ કોલેજમાંથી MBBS અને નવી દિલ્હીની ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સમાંથી MD ની ડિગ્રી મેળવી છે, સાથે જ તેઓ નેશનલ બોર્ડ ઓફ એક્ઝામિનેશન્સમાંથી નેશનલ બોર્ડના ડિપ્લોમેટ પણ થયા હતા. વર્ષ 1992 માં નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટ્યુબરક્યુલોસીસ સાથે જોડાયા અને ત્યારબાદ તેઓ તેના નિર્દેશક બન્યા. એ પછી તેમણે નિપુણ વૈજ્ઞાનિકો અને ડોકટરો સાથે ક્ષય અને HIV ઉપર તેમનું સંશોધન ચાલુ કર્યું. 2017 માં તેઓ ટીબી ઝીરો સિટી પ્રોજેક્ટના ભાગ હતા. આ પ્રોજેક્ટ સરકારી સંસ્થાઓ, સ્થાનિક સંસ્થાઓ અને પાયાના સંગઠનો સાથે મળીને કામ કરતો હતો. જે પૂર્ણ કરવામાં તેમણે સફળતા મેળવી.

ઓક્ટોબર 2017 થી તેઓ વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન એટલે કે WHO નાં જનરલ પ્રોગ્રામના ડેપ્યૂટી ડાયરેક્ટર જનરલ બન્યા જે પદ પર હજુ પણ તેઓ કાર્યરત છે.

પ્રવૃતિઓ :

આરોગ્ય નીતિ અને સિસ્ટમ સંશોધન માટે જોડાણ, બોર્ડના સભ્ય

કોએલિશન ફોર એપિડેમિક પ્રિપેર્ડનેસ ઇનોવેશન્સ(CEPI), બોર્ડના નોના વોટિંગ મેમ્બર

ગ્લોબલ એન્ટિબાયોટિક રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ પાર્ટનરશિપ, બોર્ડ ઓફ ડિરેક્ટર્સના નોન વોટિંગ મેમ્બર

ટીબી સામે વૈશ્વિક ગઠબંધન, નિષ્ણાત જૂથના સભ્ય, વુમનલિફ્ટ હેલ્થ, ગ્લોબલ એડવાઈઝરી બોર્ડના સભ્ય

પુરસ્કારો :

1999 : XI નેશનલ પેડિયાટ્રિક પલ્મોનરી કોન્ફરન્સ, શ્રેષ્ઠ પેપર માટે ડૉ. કેયા લાહિરી ગોલ્ડ મેડલ

2008 : ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ, ક્ષણિકા ઓરેશન એવોર્ડ

2009 : ટીબી અને ફેફસાના રોગો સામે આંતરરાષ્ટ્રીય સંઘ, વાઇસ ચેર એચઆઈવી વિભાગ

2011 : ઈન્ડિયન એસોસિએશન ઓફ એપ્લાઇડ માઇક્રોબાયોલોજિસ્ટ્સ, લાઇફટાઇમ અચીવમેન્ટ એવોર્ડ

2012 : નેશનલ એકેડમી ઓફ સાયન્સ, ભારત, ફેલો

2013 : ઈન્ડિયન એકેડમી ઓફ સાયસન્સ, બેંગ્લોર, ફેલો

2016 : NIPER, એસ્ટ્રાઝેનેકા સંશોધન એન્ડોવમેન્ટ એવોર્ડ

શિક્ષકો, વિદ્યાર્થીઓ તથા વાલીશ્રીઓએ પણ આ મેગેઝીનમાં સ્વરચિત રચનાઓ (કવિતા, વાર્તા વગેરે) કે પોતાના વિચારો રજૂ કરવા માટે આવકારવામાં આવે છે. યોગ્ય કૃતિ કે વિચારને સ્થાન મળશે. મેગેઝીનમાં કૃતિ કે વિચાર પ્રકાશિત કરવા માટે આખરી નિર્ણય સંપાદકનો માન્ય ગણાશે.

COLORS WEEK



શાળામાં પ્રિ – પ્રાઈમરી અને ઈંગ્લીસ મિડિયમના વિદ્યાર્થીઓ માટે કલર્સ ડેની ઉજવણી કરવામાં આવી હતી.

સ્વામી વિવેકાનંદના વિચારો

- જે સમયે જે કામ માટે પ્રતિજ્ઞા કરો, તેને એ જ સમયે કરવું જોઇએ, નહીં તો લોકોનો તમારા ઉપરથી વિશ્વાસ ઊઠી જશે.
- આપણે એ છીએ, જે આપણાં વિચારોએ આપણને બનાવ્યા છે. એટલે આ વાતનું ધ્યાન રાખો કે તમે શું વિચારો છો. જેવું તમે વિચારો છો એવા બની જાઓ છો.
- જ્યાં સુધી તમે પોતાના ઉપર વિશ્વાસ નહીં કરો, ત્યાં સુધી તમે ભગવાન ઉપર વિશ્વાસ નહીં કરી શકો.
- સત્યને હજાર રીતે જણાવી શકાય છે, છતા બધુ જ સત્ય જ હશે.
- જે દિવસે તમારી સામે કોઇ સમસ્યા ન આવે, તમે વિશ્વાસ કરી શકો છો કે તમે ખોટા માર્ગે ચાલી રહ્યા છો.
- આપણે જેટલા વધુ બહાર જઇશું અને બીજાનું સારું કરીશું, આપણું હૃદય એટલું જ શુદ્ધ થશે અને પરમાત્મા તેમાં વાસ કરશે.
- અ) પ ણે ભગવાનને શોધવા કયાં જઇ શકીએ છીએ, જો તે ને તમારા હૃદય અને દરેક જીવિત પ્રાણીમાં ન જોઇ શકો.
- તમારે અંદરથી બહારની તરફ વિકસિત થવાનું છે. કોઇ તમને અભ્યાસ નથી કરાવી શકતું, કોઇ તમને આધ્યાત્મિક નથી બનાવી શકતું, તમારા આત્મા સિવાય કોઇ અન્ય ગુરુ નથી.
- પહેલા દરેક સારી વાતની મજાક બને છે, પછી તેનો વિરોધ થાય છે અને પછી તેને સ્વીકાર કરી લેવામાં આવે છે.
- કોઇ પણ વસ્તુથી ડરો નહીં. તમે અદ્દભુત કામ કરશો. આ નિર્ભયતા જ છે જે પળવારમાં પરમ આનંદ અપાવે છે.

- ચાવડા મનસ્વી વી. ધોરણ ૬ - એ.

સફળતાના સોળ સોનેરી સિધ્ધાંતો

૧.જીવન માં મૂલ્યોનું જતન કરો.
૨.દૃઢપણે માનો કે ‘કોઇ નિષ્ફળતા કાયમી નથી હોતી’
૩.ભૂલો તથા જવાબદારીને સ્વીકારતા શીખો.
૪.બિનજરૂરી ઉતાવળથી દૂર રહો.
૫.કંટાળો ન લાવો કંટાળો હંમેશા જિંદગીને કોટાળી બનાવે છે.
૬.હસતાં હસતાં, હળવી રીતે, આનંદ પૂર્વક જીંદગી જીવતા શીખો.
૭.રોજનું કામ રોજ પૂર્ણ કરો. બાકી રહેલા કામોની યાદી કરી આવતી કાલે પતાવો.
૮.કદી ક્રોધ ન કરો સંજોગોનો સામનો દઢતા અને સમજ પૂર્વક કરો.
૯.યાદશકિત એવી કેળવો કે ઉપયોગી બાબતો યાદ રહે અને બિન ઉપયોગી ભૂલી જવાય.
૧૦.સાચા હૃદયથી કોઇની સારી બાબતની પ્રસંસા કરો.
૧૧.નિરાશા છોડો હંમેશા આશાવાદી બનો.
૧૨.મહેનત અને મજૂરી વચ્ચેનો ભેદ સમજીને કામ કરો.
૧૩.કોઇના પ્રત્યે પૂર્વગ્રહોથી મુકત રહો અને બાંધ છોડ કરતાં શીખો.
૧૪.જયાં હા કહેવાની છે. ત્યાં હા અને જયાં ના કહેવાની છે ત્યાં ના પાડતાં શીખો.
૧૫.શરીરની તંદુરસ્તી અને મનની સ્વસ્થતા બંને જળવાઇ રહે તેમ વર્તો.
૧૬.ભલા બનો અને બીજાનું ભલુ કરો.

- કોટડીયા પરી એન. ધોરણ ૪ - એ.

એપ્રીસીયેશન ઓફ મધર્સ અંતર્ગત પ્રિ પ્રાઇમરી અને પ્રાઇમરી ઇંગ્લીસ મિડીયમમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના માતાઓ માટે પેરેન્ટીગ અને ઝુમ્બા વર્ક શોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડૉ.પૂર્વી મહેતા, ડૉ મૂળરાજસિંહ ઝાલા અને ડૉ ડી.કે.વાડોદરીયા સાહેબ ઉપસ્થિત રહ્યાં હતા અને કલર્સ ડે માં વિજેતા વિદ્યાર્થીઓને ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતા.

મહાશિવરાત્રી નિમીતે ધો. ૭ થી ૧૧ ના વિદ્યાર્થીઓ માટે શિવ આરાધના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ધો. ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ માટે બોર્ડની પરીક્ષા અગાઉ પરીક્ષાનો મહાવરો યોગ્ય રીતે થાય તે હેતુથી મોક રાઉન્ડ ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બંને ધોરણમાં ટોપ – ૩ વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતાં.

રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ ગાંધીનગર આયોજિત કલા મહાકુંભ ૨૦૨૧ માં રાજકોટ શહેર કક્ષાએ રાસ ગરબા સ્પર્ધામાં પંચશીલ સ્કૂલની વિદ્યાર્થિનીઓએ તૃતીય સ્થાન પ્રાપ્ત કરી શાળા પરિવારનું ગૌરવ વધારેલ.